# “રોપાણ અને ઓરાણ ડાંગર (DSR) નિદર્શન” અંગેની કાર્યશિબિર

## મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ

અત્રેની કચેરી મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, નવાગામ ખાતેથી શ્રી જે.આર.પટેલ, જીલ્લા ખેતીવાડી અધિકારી, ડૉ. એમ.બી.પરમાર, સંશોધન વૈજ્ઞાનિક(ચોખા) અને ડૉ. ડી.જે.કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી)ની ઉપસ્થિતિમાં “રોપાણ અને ઓરાણ ડાંગર (DSR) નિદર્શન” અંગેની કાર્યશિબિરનો કાર્યક્રમ તા.૩૦-૦૯-૨૦૨૪ના રોજ ગામ: પાલ્લા, તા. લુણાવાડા, જી. મહીસાગર ખાતે યોજાયેલ હતો.

આ કાર્યક્રમમાં ડૉ. ડી.જે.કાચા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., નવાગામ દ્વારા ઓરાણ ડાંગરની ખેતી પધ્ધતિ વિષે ખૂબજ ઊંડાણ પૂર્વક સમજણ આપી હતી અને ડૉ. એમ.બી.પરમાર, સંશોધન વૈજ્ઞાનિક(ચોખા) દ્વારા ડાંગરની નવી તથા સુધારેલી જાતો વિષે અને ડાંગરમાં આવતી જીવાતોનું સંકલિત વ્યવસ્થાપન તથા ડાંગરની ખેતીમાં ખેડૂતોના મૂંઝવતા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. ત્યારબાદ શ્રી જે.આર.પટેલ, જીલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા સરકારશ્રીની ખેતી તથા અન્ય ક્ષેત્રમાં ઉપલબ્ધિઓની વાત કરી અને કૃષિ વિભાગની ચાલતી જુદી-જુદી ખેતીને લગતી સહાયોની માહિતી આપી અને આ કાર્યક્રમમાં લુણાવાડાના જુદા-જુદા ગામો માંથી ૪૫ જેટલા ખેડૂતો ઉપસ્થિત રહેલ હતા. GR 21, GAR 22 અને GAR 201 જાતોના નિદર્શન વાળા ખેતરોની મુલાકાત કરવામાં આવી. ત્યારબાદ આભાર વિધિ કરી સદર પરીસંવાદને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.










સંશોધન વૈજ્ઞાનિક (ચોખા)ઈ.ચા.